# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ,ગોધરા

( ગુજરાત એક્ટ નં .૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં એસજીજીયુ/એન.એસ.એસ./૨૦૨૨/૧૨૫૯ તા-૨૧/૦૭/૨૦૨૨

પરિપત્ર: ૨૭૭૬

વિષય : એન.એસ.એસ માં શ્રેષ્ટ વિદ્યાર્થી સ્વયમ સેવક તથા શ્રેષ્ટ પ્રોગ્રામ ઓફીસર પસંદગી બાબત.

જય ભારત સાથે જણાવવાનુ કે આપણી યુનિવર્સિટી એન.એસ.એસ.વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માં શ્રેષ્ટ કામગીરી કરનાર શ્રેષ્ટ વિદ્યાર્થી સ્વયમ સેવક તથા શ્રેષ્ટ પ્રોગ્રામ ઓફીસર ની પસંદગી કરવાની છે ભાગ લેવા માંગતા પી ઓ તથા સ્વયંસેવકો (કોલેજ દીઠ સ્વયંસેવક ભાઈ-બહેન ૧+૧ તથા પી ઓ -૧) એ પોતાની ફાઈલ તૈયાર કરી મોડામાં મોડી તા. ૬/૮/૨૦૨૨ સુધીમાં જમા કરાવવાની રહેશે ત્યારબાદ આવેલ ફાઈલ ઉપર ધ્યાને લેવામાં આવશે નહિ.

## શ્રેષ્ટ વિદ્યાર્થી સ્વયમ સેવક પસંદગી માટે

### લગુતમ લાયકાતના ધોરણો

૧. કોલેજમાં બે વર્ષ એન.એસ.એસ.યુનિટમાં સ્વયમ સેવક તરીકે કાર્ય કરેલ હોવું જોઈએ
૨. કોલેજના એન.એસ.એસ.યુનિટ દ્વારા યોજાતી સાત દિવસીય ખાસ વાર્ષિક શિબિર ઓછામાંઓછી એક કરેલ હોવી જરૂરી છે.
૩. એન.એસ.એસ.માં એક વર્ષમાં ૧૨૦ કલાક એમ બે વર્ષ ના કુલ ૨૪૦ કલાક સમાજસેવાની પ્રવૃત્તિ કરેલ હોવી જોઈએ.
૪. સ્વયમ સેવકની એન.એસ.એસ. ડાયરી ફરજીયાત બનાવેલી હોવી જોઈએ.
૫. સ્વયમ સેવક ઉપર કોઈપણ પોલીસ સ્ટેશન પોલીસ ફરિયાદ (ફોજદારી) થયેલ ન હોવી જોઈએ.
૬. યુનિવર્સિટીની કે કોલેજની પરીક્ષામાં કોપીકેશ થયેલ ન હોવો જોઈએ.
૭. શૈક્ષણિક ગુણવત્તા સારી હોવી (એટીકેટી આવેલ ન હોય) જોઈએ.
૮. આચાર્ય તથા કોલેજના પી ઓ દ્વારા કેરેક્ટર સર્ટીફીકેટ હોવું અનિવાર્ય છે.
૯. સ્વયમ સેવક ભાઈ-બહેનની વયમર્યાદા (૩૧/૩/૨૦૨૧) ના રોજ ૨૩ વર્ષ અને એસ.સી./એસ.ટી માટે ૨૬ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

## શ્રેષ્ટ વિદ્યાર્થી સ્વયમ સેવક પસંદગી માટે

### (પરફોર્મન્સ) ઉત્તમ દેખાવ માટે)

૧. આર.ડી પરેડ (૧. દિલ્હી લેવલ , ૨. વેસ્ટ ઝોન લેવલ, ૩. સ્ટેટ લેવલ )
૨. એડવેન્ચર કેમ્પ માં (૧. એન.એસ.એસ.દ્વારા, ૨. સરકારી એજન્સી દ્વારા ૩. ખાનગી એજન્સી દ્વારા)
૩. રાષ્ટ્રીય એકતા શિબિર (NIC) (૧.ફક્ત સહભાગીતા, ૨. શિબિર પ્રવૃત્તિઓમાં ક્રમાંક મેળવી પુરસ્કૃત)
૪. એન.એસ.એસ. દિવસની ઉજવણીમાં (યુનિવર્સિટીનીકક્ષા. ૨. રાજ્ય કક્ષા, રાષ્ટ્રીય કક્ષામાં સહભાગીતા,

૩. પ્રવૃત્તિઓમાં ક્રમાંક મેળવી પુરસ્કૃત)

૫. વિવિધ પ્રવૃતિઓ જેવીકે, રક્તદાન, રશીકરણ, મેડીકલ કેમ્પ, હેલ્થ અવેરનેશ, વૃક્ષારોપણ, મતદાન જાગૃતિ, પાણી બચાવો, બેટી બચાવો બેટી પઢાવો, સિંગલ યુજ પ્લાસ્ટિક નિર્મૂલન, સ્વચ્છતા અભિયાન, કુદરતી આફતોમાં કામગીરી, થેલેસેમિયા ટેસ્ટ/અવેરનેસ પ્રવૃત્તિ,પર્યાવરણ જાગૃતિ,દિવ્યાંગ મતદારો માટે સહાયતા, દતક ગામ કે વિસ્તારમાં કરેલ વિશિષ્ટ કામગીરી, વ્યસન મુક્તિ,

૬. ઝોનલ કેમ્પમાં સહભાગીતા, ક્રમાંક મેળવી પુરસ્કૃત

૭. કોલેજ એન.એસ.એસ.યુનિટની પ્રવૃત્તિમાં સ્વયમ સેવક તરીકેની સક્રિય ભૂમિકા.

૮. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પ્રાપ્ત થયેલ એવોર્ડ

૧, કોલેજ દ્વારા ૨.યુનિવર્સિટી દ્વારા, ૩. સરકાર દ્વારા ૪. અન્ય વિવિધ એજન્સીઓ

૯. વિવિધ સરકારી યોજનાઓના લાભો પ્રજા સુધી પહોચાડવામાં મદદરૂપ ભૂમિકા.

૧૦. દત્તક ગામ કે વિસ્તારમાં વિવિધ પ્રવૃત્તિઓમાં પ્રદાન.

૧૧. આદિવાસી વિસ્તારમાં કરેલ જનજાગૃતિ અંગેની શિબિર કે પ્રવૃતિઓ

૧૨. ફોટોગ્રાફ્સ, પ્રેસનોટ અને સર્ટીફીકેટ આધાર પુરાવા માટે

સુચના:- યુનિવર્સિટીએ આપેલ નિયત સમય મર્યાદામાં ફાઈલ તૈયાર કરી યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગમાં જમા કરાવવાની રહેશે, સમય મર્યાદા બાદ આવેલ ફાઈલ ધ્યાને લેવામાં આવશે નહિ.

નોધ:- પસંદગી સમિતિનો નિર્ણય આખરી અને સૌને બંધન કર્તા રહેશે.

## પ્રોગ્રામ ઓફીસર માટે

**લગુતમ લાયકાતના ધોરણો**

૧. પી.ઓ એ. ૩૧ માર્ચ ૨૦૨૦ પહેલા ઈ.ટી.આઈ તાલીમ મેળવેલ હોવી જોઈએ.

૨. પી.ઓ. તરીકે ત્રણ વર્ષથી વધુ અનુભવ હોવો જોઈએ.

૩. પોલીસ ફરિયાદ (ફોજદારી ગુનો) નોધાયેલ ન હોવી જોઈએ

૪. પી.ઓ ડાયરી મેન્ટેઈન થયેલ હોવી જોઈએ. (ચાલુ વર્ષની)

૫. કોલેજ કક્ષાએ વાર્ષિક કેલેન્ડર બનાવેલ હોવું જોઈએ.

૬. કોલેજ કે યુનિવર્સિટીકક્ષાએ કોઈપણ ગંભીર ગુનામાં સંડોવણી હોવી જોઈએ નહી.

## પ્રોગ્રામ ઓફીસર માટે

(પરફોર્મન્સ) ઉત્તમ દેખાવ માટે

૧. ટીમ લીડર તરીકેની ભૂમિકા

૧. આર.ડી પરેડ (૧. દિલ્હી લેવલ , ૨. વેસ્ટ ઝોન લેવલ, ૩. સ્ટેટ લેવલ)માં ટીમ લીડર તરીકે ભૂમિકા

૨. યુનિવર્સિટી,રાજ્ય કે રાષ્ટ્રીયકક્ષાએ એન,એસ,એસ. વિભાગ દ્વારા આયોજિત એડવેન્ચર કેમ્પ માં ટીમ લીડર તરીકે ભૂમિકા

૩. રાષ્ટ્રીય એકતા શિબિર (NIC) માં ટીમ લીડર તરીકે ભૂમિકા

૪. રાજ્ય કે રાષ્ટ્રીય એન.એસ.એસ. દિવસની ઉજવણીમાં ટીમ લીડર તરીકે ભૂમિકા

૫. અન્ય યુનિવર્સિટી, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાની પ્રવૃત્તિમાં ટીમ લીડર તરીકે ભૂમિકા

૬. કોલેજના યજમાન પદે થયેલ પ્રવૃત્તિ ઝોનલ કેમ્પ, એન.આઈ સી.કેમ્પ, એન.એસ.એસ. દિવસની ઉજવણી, અન્ય એન.એસ.એસ. સંબધિત રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાની પ્રવૃત્તિઓમાં કરેલ સ્પેશીયલ ડ્યુટી.

૭. કોલેજ, યુનિવર્સિટી, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ કોઈ એવોર્ડ પ્રાપ્ત થયો હોય,

૮. વિવિધ પ્રમાણિત એજન્સીઓ દ્વારા સન્માનિત થયેલ હોય.

૯. શિક્ષણ તથા પુરક પ્રવૃતિઓમાં સહભાગીતા (સંસ્કૃતિ)

૧૦. કોલેજ એન.એસ.એસ. યુનિટની એડવાઈઝરી કમિટીની મીટીંગની મિનીટ્સ.

૧૧. વિવિધ સેવાકીય કાર્ય (એચ.આઈ.વી. એઈડ્સ, કરુણા અભિયાન, રક્તદાન, પશુ નિદાન.

૧૨. કોલેજના એન.એસ.એસ,યુનિટનું, કોલેજ, યુનિવર્સિટી રાજ્ય રાષ્ટ્રીય કક્ષાએ વિધાર્થીઓ તથા પી.ઓ નું પરફોર્મન્સ

૧૩. રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાથી આવતી પ્રવૃત્તિઓમાં કરેલ કામગીરી.

૧૪. ગ્રામ વિસ્તારમાં સરકારી યોજનાઓનો લાભ થાય તેવી પ્રવૃતિઓ

૧૫. સર્ટિફિકેટ, પ્રેસનોટ, ફોટોગ્રાફ જોડવા

સુચના:- યુનિવર્સિટીએ આપેલ નિયત સમય મર્યાદામાં ફાઈલ તૈયાર કરી યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગમાં જમા કરાવવાની રહેશે, સમય મર્યાદા બાદ આવેલ ફાઈલ ધ્યાને લેવામાં આવશે નહિ.

નોધ:- પસંદગી સમિતિનો નિર્ણય આખરી અને સૌને બંધન કર્તા રહેશે.

ઇ.ચા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા